CS (Main) Exam, 2020

URC-B-GJT

# ગુજરાતી / GUJARATI

## પેપર II / Paper II

## ( સાહિત્ય ) / ( LITERATURE )

| | |
|---|---|
| સમય મર્યાદા : ત્રણ કલાક<br>Time Allowed : Three Hours | મહત્તમ ગુણ : 250<br>Maximum Marks : 250 |

### પ્રશ્નપત્ર સંબંધી સૂચનાઓ

*પ્રશ્નના ઉત્તર આપતા પહેલાં નીચે મુજબની બધી સૂચનાઓ વાંચો :*

અહીં બે વિભાગમાં આઠ પ્રશ્નો વહેંચવામાં આવ્યા છે.

ઉમેદવારે બધામાંથી પાંચ પ્રશ્નોના ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્ન ક્રમાંક 1 અને 5 ફરજિયાત છે અને દરેક વિભાગમાંથી એક પસંદ કરી અન્ય ત્રણ ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નની સાથે એના ગુણ દર્શાવવામાં આવ્યા છે.

ઉત્તર ગુજરાતી ભાષામાં (ગુજરાતી લિપિમાં) લખવાના રહેશે.

જે પ્રશ્નોમાં શબ્દસંખ્યા દર્શાવવામાં આવી છે ત્યાં શબ્દસંખ્યાની મર્યાદામાં ઉત્તર આપવાના રહેશે.

પ્રશ્નોના જવાબ અનુક્રમમાં ગણવામાં આવશે. જો છેકવામાં નહીં આવે તો અપૂર્ણ જવાબ પણ ગણવામાં આવશે. પ્રશ્નપત્ર અને ઉત્તરવહીનું કોઈપણ કોરું પાનું અથવા તેનો કોરો ભાગ અચૂક છેકી નાખવો.

### Question Paper Specific Instructions

***Please read each of the following instructions carefully before attempting questions :***

*There are **EIGHT** questions divided in **TWO SECTIONS**.*

*Candidate has to attempt **FIVE** questions in all.*

*Question nos. **1** and **5** are compulsory and out of the remaining, any **THREE** are to be attempted choosing at least **ONE** question from each section.*

*The number of marks carried by a question / part is indicated against it.*

*Answers must be written in **GUJARATI (Gujarati script)**.*

*Word limit in questions, wherever specified, should be adhered to.*

*Attempts of questions shall be counted in sequential order. Unless struck off, attempt of a question shall be counted even if attempted partly. Any page or portion of the page left blank in the Question-cum-Answer Booklet must be clearly struck off.*

## SECTION A

**Q1. નીચે દર્શાવેલ પાંચેય કૃતિ-અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) રોહિણીપતિના ભાલે રશ્મિઓ રમતા હતા :
તુહિનાચલના જાણે શૃંગમાં ભમતા હતા ! *10*

(b) જે રહે કલ્પવૃક્ષની તળે, તેને શી વસ્તુ નવ મળે ?
જે જીવ જળમાં ક્રીડા કરે, તે પ્રાણી કયમ તરશે મરે ? *10*

(c) સૌંદર્ય કેરી સંપત્તિ સ્વર્ગથી અહીં ઊતરે,
દુર્વ્યય કરવા તેનો અધિકાર ન કોઈને. *10*

(d) મુંબઈમાં હું વિદ્યાર્થી હતો, હવે અનુભવાર્થી છું. *10*

(e) જયમ દર્પણ મૂકિયે સામસામાં તે પ્રતિબિંબે એકમેકમાં,
તે અન્યોઅન્ય અનંત થાયે, જો દૃષ્ટ પહોંચે જઈ છેકમાં. *10*

**Q2. નીચેના મુદ્દાઓ વિશે સમીક્ષાત્મક ચર્ચા કરો.**

(a) 'વસંત વિલાસ' ફાગુમાં પ્રકૃતિનું રૂપકાત્મક નિરુપણ *20*

(b) 'કાદંબરી' માં જન્મજન્માન્તરનું કથાઘટક *15*

(c) 'મારી હકીકત' માં પ્રગટ થયેલું નર્મદનું વ્યક્તિત્વ *15*

**Q3. સદૃષ્ટાંત વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'અખેગીતા' માં જીવ-જગત-માયાનું સ્વરૂપ *20*

(b) 'ચન્દ્રચન્દ્રાવતીની વારતા' કૃતિને આધારે શામળની સર્જકતાનું મૂલ્યાંકન કરો *15*

(c) 'ફાર્બસવિરહ' માં મિત્રવિરહનું આલેખન *15*

**Q4. નીચેના પ્રશ્નોને કૃતિના મર્મ સંદર્ભે સમજાવો.**

(a) 'રાઈનો પર્વત' નાટકમાં જાલકાનો પ્રપંચ. *20*

(b) 'સરસ્વતીચન્દ્ર ભાગ : ૧' ની કથનકળાની ચર્ચા કરો. *15*

(c) 'સુદામા ચરિત્ર' માં નિરૂપીત વિવિધ રસના ઉદાહરણ આપી પ્રેમાનંદના સર્જક કર્મનો પરિચય કરાવો. *15*

## SECTION B

**Q5.** **નીચે દર્શાવેલ પાંચેય કૃતિ–અંશોનું સંદર્ભમૂલ્ય સમજાવો.** *10×5=50*

(a) ઉષા ! વેદ–કન્યા 'ઉષા' માત્ર શબ્દ છે ? એક એક શબ્દ, એક એક સંકુલ. *10*

(b) તો, તો હું પરીને કહીશ કે મારા મોટાભાઈનું આખું માથું રૂપેરી કરી નાખો. *10*

(c) ફિલસૂફી અને કાવ્ય બન્ને એક જ લક્ષ્ય તરફ જાય છે. *10*

(d) આપણું તો કપાળેય કાણું છે ને આ ખોબોય કાણો નીકળ્યો. *10*

(e) કોનાં તે નેત્રની સાથે સંધાયે નેત્રની પ્રભા !
હાલતા હોઠ જાણે કે ઉચ્ચારે છે 'સ્વધા, સ્વધા' ! *10*

**Q6.** **સદૃષ્ટાંત વિવરણાત્મક નોંધ લખો.**

(a) 'સૌરાષ્ટ્રની રસધાર' ભાગ : ૧ માં વ્યક્ત થયેલો વીરરસ *20*

(b) 'ધ્વનિ' કાવ્યસંગ્રહની 'આયુષ્યના અવશેષે' સોનેટમાળામાં રજૂ થયેલું જીવનચિંતન *15*

(c) 'જનાન્તિકે' માં સુરેશ જોષીની કલ્પનસૃષ્ટિ *15*

**Q7.** **નીચેના મુદ્દાઓ વિશે વિવેચનાત્મક નોંધ લખો.**

(a) 'કાવ્યની શક્તિ' માં રા.વિ. પાઠકના 'પ્રેમાનંદના હાસ્યરસ' વિશેના ખ્યાલો *20*

(b) 'હિંદ સ્વરાજ' માં ગાંધીજીના સ્વરાજવિષયક વિચારો *15*

(c) 'સપ્તપદી' માં અસ્તિત્વપરક સંવેદના *15*

**Q8.** **સમીક્ષાત્મક નોંધ લખો.**

(a) 'માનવીની ભવાઈ' નું કથાવસ્તુ જણાવી તેના શીર્ષકની યથાર્થતા સ્પષ્ટ કરો. *20*

(b) 'પાટણની પ્રભુતા' માં ઐતિહાસિક પરિવેશનું આલેખન. *15*

(c) 'અશ્વત્થામા' નાટકને આધારે નાટ્યકાર સિતાંશુ યશશ્ચંદ્રની વિશેષતા – મર્યાદા ચર્ચો. *15*